NCS Code: 1324.9900, CCode: LG004

# સપ્લાય ચેઇન મેનેજર (પુરવઠા શ્રૃંખલા વ્યવસ્થાપક)

સપ્લાય ચેઇન મેનેજર એક વ્યાવસાયિક છે જે કાચા માલની ખરીદીથી લઈને ઉત્પાદન સુધી સંસ્થાની સપ્લાય ચેઇનના દરેક તબક્કાની જવાબદારી સંભાળે છે. તેમણે એ સુનિશ્ચિત કરવું આવશ્યક હોય છે કે યોગ્ય માત્રામાં અને યોગ્ય સમયે ઉત્પાદન તૈયાર કરવામાં આવે છે, સાથે સાથે તેમણે પોતાની ટીમના સભ્યો સાથે ઉત્પાદન કરવામાં આવેલ માલનો સંગ્રહ કરવા માટે સંકલન કરવું પણ જરૂરી છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વસ્તુઓને વ્યવસ્થિત રાખવાનું પસંદ કરો છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો
- તમે અન્ય લોકો સાથે સહજ રીતે વાતચીત કરી શકો છો
- તમે નેતૃત્વ કરવાનું કૌશલ્ય ધરાવો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૭૧,૦૦૦ થી ૧૬,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. (વાણિજ્ય પ્રવાહ ઈચ્છનિય છે.)

૨. બિઝનેસ એડમિનિસ્ટ્રેશન/બિઝનેસ મેનેજમેન્ટમાં સ્નાતક (BBA / BBM) ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, તે જ વિષયમાં અનુસ્નાતક (MBA)ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

સપ્લાય ચેઇન મેનેજરનું અંદાજીત માસિક વેતન રૂ. ૨૫,૨૫૦ થી ૧,૬૭,૦૦૦* જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.payscale.com/research/IN/Job=Supply_Chain_Manager/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ઉત્પાદન એકમો, ખાનગી અને જાહેર ઉત્પાદન કંપનીઓ, ઈ-કોમર્સ કંપનીઓ, કુરિયર કંપનીઓ, નાના અને મોટા ઉદ્યોગો, કુટીર ઉદ્યોગો, શિપિંગ કંપનીઓ, સશસ્ત્ર દળો વગેરે

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

રેની, સ્ટોરેજ અને વેરહાઉસિંગ → એક્ઝિક્યુટિવ, સ્ટોરેજ અને વેરહાઉસિંગ → આસિસ્ટન્ટ જનરલ મેનેજર, સ્ટોરેજ અને વેરહાઉસિંગ → લોજિસ્ટિક્સ મેનેજર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન/મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. દીનદયાલ ઉપાધ્યાય કોલેજ, નવી દિલ્હી
૨. જમ્મુ યુનિવર્સિટી, જમ્મુ
૩. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી બરોડા, વડોદરા
૪. યુનિવર્સિટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ, દેહરાદૂન
૫. ઈડીઆઈ, ગાંધીનગર
૬. દૂન યુનિવર્સિટી, દેહરાદૂન
૭. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર
૮. આઈ.આઈ.ટી.ટી.એમ., ગ્વાલિયર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. રાયસોની ગ્રૂપ ઓફ ઇન્સ્ટિટ્યુશન્સ, મહારાષ્ટ્ર
૨. એમઆઈસીએ (માઈકા), અમદાવાદ
૩. આઈટીએમ (એસએલએસ) વડોદરા યુનિવર્સિટી, વડોદરા
૪. શરણબસવ યુનિવર્સિટી, ગુલબર્ગા
૫. પી પી સવાની યુનિવર્સિટી, સુરત
૬. ઓક્સબ્રિજ બિઝનેસ સ્કૂલ, બેંગલુરૂ
૭. જ્યોતિ નિવાસ કોલેજ, બેંગલુરૂ
૮. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેસ એક્સેલન્સ, બેંગલુરૂ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- એન.પી.ટી.ઈ.એલ.* સ્વયમ: https://nptel.ac.in/courses/110106045
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

## સર્ચ માટેના કીવર્ડ્સ ...

સપ્લાય ચેઈન, લોજિસ્ટિક્સ હેડ, ઓપરેશન હેડ

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**મોનિકા મિત્તલ** એક ભારતીય સપ્લાય ચેઈન મેનેજર છે જે 'YUM!બ્રાન્ડ્સ' સાથે સંકળાયેલ સપ્લાય ચેઈન મેનેજર છે. તેણીએ ફૂડ સાયન્સ અને ટેક્નોલોજીમાં એપ્લાઇડ સાયન્સ (બી.એ.એસ.સી.)માં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરી છે, ત્યારબાદ તેણીએ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ પેકેજિંગ (આઈ.આઈ.પી.)માંથી પેકેજિંગ વિજ્ઞાનમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી છે. સુ.શ્રી. મિત્તલ, સપ્લાય ચેઈન, ફૂડ ટેક્નોલોજી અને પેકેજિંગને લઈને ઘણા ઉત્સાહી છે.*

સ્રોત: https://www.rkfoodland.com/womenleadership-in-supply-chain/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.